ગુજરાતમિત્ર

ગતિવિધિ

અખિલ ભારતીય વિધ્યાર્થી પરિષદ દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા માટે હેલ્પ સેન્ટર શરૂ

વડોદરા : અખિલ ભારતીય વિદ્યાલય પરિષદ મહાનગર એ વિધ્યાર્થીઓના હિત, સુવિધાઓ અને સચોટ માર્ગદર્શન આપતું એક સંગઠન છે જે શહેરમાં સયાજીગંજ વિસ્તારમાં આવેલ એમ.એસ.યુનિવર્સિટી સામેના મનુભાઇ ટાવર સ્થિત છેલ્લા ચાર વર્ષથી કાર્યરત છે ચાર વર્ષ અગાઉ આ 'હેલ્પ સેન્ટર'ની શરૂઆત કરવામાં આવી હતી આ 'હેલ્પ સેન્ટર' નો મુખ્ય ઉદ્દેશ્ય એ હોય છે કે, વિદ્યાર્થીઓની સેવા અને વડોદરાની આજુબાજુના ગામડાઓમાંથી આવતા વિદ્યાર્થીઓને ઓનલાઇન એડમિશન પ્રક્રિયા સહિતના માર્ગદર્શનની અગવડ ના પડે તે માટે સેન્ટરની શરૂઆત કરવામાં આવી હતી. દરવર્ષે જગવિખ્યાત શહેરની એમ.એસ.યુનિવર્સિટીના વિવિધ ફેકલ્ટીઓમા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના વિધ્યાર્થીઓ પ્રવેશ માટે આવતા હોય છે જેઓને ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા થી લ ઇ પ્રવેશ મેળવવા સુધી તેમજ ઓનલાઇન ફી ભરવા જેવી તમામ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવે છે .

પાવાગઢ વિજય વલ્લભ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં શિક્ષકોનો ત્રિદીવસીય ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

વડોદરા : હાલમાં સ્કૂલોમાં વિદ્યાર્થીઓનું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે શિક્ષકોની પોતાનું સ્કીલ ડેવલોપમેન્ટ થાય અને મોટિવેશન મળી રહે તે હેતુથી મેનેજમેન્ટ દ્વારા વિષય નિષ્ણાંતોને બોલાવી ત્રણ દિવસનો પાવાગઢ ખાતે સ્કીલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમ પાવાગઢ વિજય વલ્લભ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના પ્રિન્સિપાલ હરીતા વ્યાસે જણાવ્યું હતું.સ્કૂલના પ્રેરક જૈન મુનિ પુર્ણચંન્દ્ર વિજયજી તથા વિનોદ વિજયજી મહારાજના માંગલિકથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ ત્રિ-દિવસીય કાર્યક્રમની ડીઝાઈન બનાવનાર નિષ્ણાત ફેકલ્ટી, ટ્રેનર અને કાર્યક્રમના કો- ઓર્ડીનેટર શિતલ શાહ, નિષ્ણાત ફેકલ્ટી તરીકે કૌશલભાઈ લાખાણી, જ્યોતિબેન જાની, શિતલ શાહ ,પાવાગઢ વિજય વલ્લભ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ના ટ્રસ્ટી તથા યુનિવર્સિટીના પૂર્વ સેનેટ અને સિન્ડિકેટ સભ્ય દીપક શાહ તથા જાણીતા કોર્પોરેટ સોફ્ટ સ્કીલ અને બિહેવીયરલ ટ્રેનર તથા સરકાર સરટીફાઈડ પોશ ટ્રેનર આશુ મનચંદા એ જુદી જુદી કોર્પોરેટ રમતો રમાડી શિક્ષકો કેવી રીતે પોતાની સ્કીલ ડેવલપમેન્ટ કરી શકે તે સમજાવ્યું હતું.

મેરેથોન અને કઠપૂતળી દ્વારા મતદાન કરવા માટેના પપેટ શો નો આરંભ કરાયો

વડોદરા : 26/04/2024, શુક્રવાર ના રોજ નવી કલેકટર કચેરી ખાતે થી ૧૧. ૩૦ કલાકે આ કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી. વડોદરા મેરેથોન દ્વારા લોકસભા સહિતની ચૂંટણી ને લઈ હંમેશા મતદાન જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમો નુ આયોજન કરતું આવ્યું છે. આગામી લોકસભા ની ચૂંટણીમાં પણ વડોદરા મેરેથોન દ્વારા મતદાન જાગૃતિ અંગે ૧૨ ફૂટની બે વિશાળ પપેટ (કઠપૂતળી) બનાવી મતદાન જાગૃતિ ના ગીતો સાથે આ બંને પપેટ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી મતદાન જાગૃતિ નો સંદેશો આપશે અને શહેરમાં આકર્ષણ નું કેન્દ્ર બનશે. આ બંને પપેટ (કઠપૂતળી) નું પ્રસ્થાન નવી કલેકટર કચેરી, જૂના પાદરા રોડ થી વડોદરા મુખ્ય ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર બીજલ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રંસગે તેજલ અમીન ચેરપર્સન, વડોદરા મેરેથોન તેમજ નિલેશ શુક્લા ડાયરેક્ટર, વડોદરા મેરેથોન સહિત મહાનુભાવો જોડાયા હતા આ પ્રંસગે તેજલ અમીને જણાવ્યું હતું કે આ પપેટ શો શહેર ભર મા ફરીને મતદાન જાગૃતિ નો સંદેશ ફેલાવશે જેમાં ગરબા સહિત ના કાર્યક્રમો થશે વડોદરા વાસીઓ ને મનોરંજન સાથે મતદાન કરવાનો સંદેશો પહોંચાડશે.

ગુજરાત રિફાઇનરીમાં 'કનેક્ટીંગ ગ્રીન હાઇડ્રોજન-2024' પર 2જી રાષ્ટ્રીય પરિષદનું આયોજન

વડોદરા : ગુજરાત રિફાઈનરી ટાઉનશીપ, વડોદરા ખાતે કનેક્ટીંગ ગ્રીન હાઈડ્રોજન-2024 (CGH 2024) પર 2જી રાષ્ટ્રીય પરિષદ 26મી એપ્રિલે શરૂ કરવામાં આવી છે. આયોજિત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ગત વર્ષની કોન્ફરન્સની સફળતાના આધારે, 'કનેક્ટિંગ ગ્રીન હાઈડ્રોજન @ વડોદરા (CGH 2023),' CGH 2024નો ઉદ્દેશ હાઈડ્રોજન ઉદ્યોગમાં નવીનતમ પ્રગતિ અને તકોનો અભ્યાસ કરવાનો છે. ઊર્જા સંક્રમણમાં હાઈડ્રોજનની ભૂમિકા આવરી લેવામાં આવેલા વિષયોમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન, સંગ્રહ, પરિવહન અને પર્યાવરણને અનુકૂળ ઉર્જા સ્ત્રોત તરીકે ઉપયોગ સંબંધિત પડકારોનો સમાવેશ થાય છે. ઓછી કાર્બન અર્થવ્યવસ્થા હાંસલ કરવા માટે સહયોગી પ્રયાસોની હિમાયત કરી રહ્યા છે. તેમ પત્રકાર પરિષદમાં CGH 2024 માટેની ટેકનિકલ પ્રોગ્રામ કમિટીમાં અગ્રણી ડૉ. આર. વેણુગોપાલ IPESS, રાહુલ પ્રશાંત, ડો.સંજય ગાંધી, મહેમાનોમાં વી.બી. બોરગાંવકર, આલોક શર્મા, આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

પાવાગઢ તથા સયાજીગંજ હોટલમાં જઇને શરીર સંબંધ બાંધ્યાં

લગ્નની લાલચ આપી યુવતી પર યુવકનું વારંવાર દુષ્કર્મ

સાત વર્ષથી યુવતી સાથે પ્રેમ સંબંધ હતો, આખરે લગ્ન નહી કરતા યુવતીએ ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેરના છાણી વિસ્તારમાં રહેતી 25 વર્ષીય યુવતીને લગ્ન કરવાની લાલચ આપીને પાવાગઢ તથા સયાજીગંજ હોટલમાં લઇ જઈને બળાત્કાર ગુજાર્યો હતો. યુવતી સાથે યુવકને છેલ્લા સાત વર્ષથી પ્રેમ સંબંધ હતો. આખરે તેને લગ્ન યુવકને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

વડોદરા શહેરમાં અવારનવાર યુવક દ્વારા યુવતીને લગ્ન કરવાની લાલચ આપીને પ્રેમ જાળમાં ફસાવતા હોય છે ત્યારબાદ તેની સાથે શરીર સંબંધ બાંધીને તરછોડી જતા રહેતા હોય છે. તેવો એક કિસ્સો સંસ્કારીનગરી વડોદરામાં બનવા પામ્યો છે. શહેરના છાણી વિસ્તારની રહેતી અને ખાનગી કંપનીમાં નોકરી કરતી 25 વર્ષીય યુવતીને તેના જ વિસ્તારમાં રહેતા અજય દેવા અલગોતર સાથે વર્ષ 2017માં આંખો મળી જતા પ્રેમ પ્રાંગર્યો હતો. પહેલા યુવકે યુવતીને લગ્ન કરવાની લાલચ આપીને સંબંધ બાંધ્યા હતા. છેલ્લા પાંચ વર્ષથી બંને વચ્ચે પ્રેમ સંબંધ હતા. જેથી યુવક તેને ફરવાના બહાને પાવાગઢ ખાતે લઈ ગયો હતો અને ત્યાં હોટલમાં એક રૂમ ભાડે રાખી તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ યુવકે યુવતીના ભાડાના મકાનમાં તથા સયાજીગંજ હોસ્પિટલની એક હોટલમાં લઇ જઈને બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી યુવતી યુવકને લગ્ન કરવા માટે જણાવ્યું હતું પરંતુ યુવક કોઇને કોઇ બહાનું કાઢીને વાત પલટાવી દેતો હતો.

જેથી વારંવાર શરીર સંબંધ બાંધતો હોવા છતાં તેની સાથે લગ્ન કરતો ન હોય યુવતીએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં યુવક વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે યુવતીને મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરી છે.

તરસાલી બંસલમોલથી સોમા તળાવ તરફ જવાના માર્ગ ઉપર નદી જેવા દ્રશ્યો

શહેરમાં વૃંદાવન લોન્સ પાસે પીવાના પાણીનો વેડફાટ

પીવાના પાણીનો વાલ્વ લીકેજ થતા ફુવારો ઉડ્યો, હજારો ગેલન પાણી વહી ગયું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

વડોદરા શહેરમાં અવારનવાર પીવાના પાણીનો વેડફાટ સામે આવી રહ્યો છે. લોકો પીવાના પાણી માટે વલખા મારે છે અને બીજી તરફ પાલિકાની બેદરકારીના કારણે અનેક વિસ્તારોમાં સમયાંતરે કેટલાય લીટર પાણી રોડ ઉપર ફરી વળે છે. અને તેનો વેડફાટ થાય છે. ત્યારે શહેરના તરસાલી બંસલમોલથી થી સોમા તળાવ તરફ જવાના માર્ગ ઉપર પાણીના વાલ્વમાંથી ફુવારો ઉડતા રસ્તાઓ ઉપર નદી જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

પાણીનો વેડફાટ એ વડોદરા શહેર માટે જાણે કાયમી થઇ ગયો હોય તેમ લાગી રહ્યું છે. શહેરના વિવિધ વિસ્તારમાં ક્યારેક વાલ્વ લીકેજ થવાથી તો ક્યારેક લાઈનમાં ભંગાણ થવાના કારણે પાણીનો વેડફાટ થાય છે અને હજારો લીટર પાણી આમ ને આમ વહી જાય છે. લોકો અવારનવાર પૂરતા દબાણ સાથે અને પૂરતા સમય માટે પાણી મળે તેવી બૂમરાણો મચાવે છે તો બીજી તરફ પાલિકાના અધિકારીઓનું ધ્યાન જ ન હોય તેમ લાગી રહ્યું છે. શહેરના તરસાલી બંસલ મોલથી સોમા તળાવ તરફ

જવાના માર્ગ ઉપર આવેલા વૃંદાવન લોન્સ પાસે પીવાના પાણીનો વાલ્વ લીકેજ થતા તેનો ફુવારો ઉડ્યો હતો અને તેમાંથી પાણી રોડ ઉપર વેડફાતું નજરે પડ્યું હતું. પાણી આવવાં અસમય દરમિયાન હજારો ગેલન પાણી રોડ ઉપર ફરી વળતા રોડ ઉપર નદી જેવો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે પાલિકા દ્વારા ત્વરિત સમારકામ કરવામાં આવે તે જરૂરી છે.

ગરમીમાં આગના બનાવોમાં નોધપાત્ર વધારો

ગોત્રી બંસલ મોલમાં આગના પગલે અફરાતફરી મચી ગઈ

શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા બંસલ મોલમાં શુક્વારે સમી સાંજે આગનો બનવું બનતા અફરા તફરીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે ફાયર વિભાગે ગણતરીના સમયમાં આગ ઉપર કાબુ મેળવી લીધો હતી.

ગોત્રીના બંસલ મોલમાં અચાનક આગ્ગા છમકલાની ઘટના બનવા પામી હતી. આ અંગેની જાણ ફાયર વિભાગને કરાતા ફાયર વિભાગની ટીમ સ્થળ ઉપર દોડી આવી હતી અને તેના પર કાબુ મેળવ્યો હતો. આગનાો કારણે ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. જેના કારણે મોલમાં આવેલા નાગરિકીઓમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

આ આગ ગરમીના કારણે શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહયું છે.

ધી યુનિ. ઓફ ટેક્સાસ USAએ પસંદગી કરી

પરફોર્મિંગ આર્ટ્સનાં ડો. પ્રમોદ ચવ્હાણને રિસર્ચ ફેલોશીપ

શેક્સપિયરનાં નાટકોનું ભારતીયકરણ" વિષય પર સંશોધન કરશે

(પ્રતિનિધિ) વડોદરા તા. 26

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી, પરફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીનાં ડ્રામા ડીપાર્ટમેન્ટનાં અસિસ્ટંટ પ્રોફેસર ડો. ચવ્હાણ પ્રમોદની ધી યુનિવર્સિટી ઓફ ટેક્સાસ એટ ઓસ્ટિઅન, યુએસએ તરફથી રીસર્ચ વિઝીટ અંતર્ગત આંતરરાષ્ટ્રીય રિસર્ચ ફેલોશીપ 2024-25 માટે પસંદગી કરવામાં આવેલ છે. ડો. ચવ્હાણ પ્રમોદે The University of Texas at Austin નાં Research Centre માં પોતાનું રીસર્ચ પ્રપોઝલ મોકલ્યું હતું જેનું મૂલ્યાંકન ધી યુનિવર્સિટી ઓફ ટેક્સાસની રિસર્ચ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું અને 6 મહિનાનાં લાંબા અને સખત મૂલ્યાંકન પ્રક્રિયા બાદ ડો. ચવ્હાણ પ્રમોદની ઈન્ટરનેશનલ રિસર્ચ ફેલોશીપ માટે પસંદગી કરવામાં

આવી હતી. ડો. ચવ્હાણ પ્રમોદ ધી યુનિવર્સિટી ઓફ ટેક્સાસ એટ ઓસ્ટીન ના રિસર્ચ સેન્ટર ખાતે "આઝાદી પશ્ચાત ભારત માં થયેલ શેક્સપિયરનાં નાટકોની પ્રદર્શન શૈલી અર્થાત્ શેક્સપિયરનાં નાટકોનું ભારતીયકરણ" વિષય પર સંશોધન કરશે. આ અંતર્ગત ધી યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં ઉપલબ્ધ શેક્સપિયર પર આધારિત જ્ઞાનનો વિશાળ ભંડાર જેમકે વિડીઓ, ફોટોગ્રાફ્સ, પ્રકાશિત અને અપ્રકાશિત રિસર્ચ આર્ટીકલ્સ, પુસ્તકો વગેરેનો ઉપયોગ કરશે સાથે સાથે આ વિષયનાં સુસંગત તજજ્ઞોનાં ઈંટરવ્યુ પણ લેવામાં આવશે.

ભારતીય મોસમ વિભાગે હવામાનની ચેતવણી આપતી ચાર એપ વિકસાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ભારતીય મોસમ વિભાગે હવામાનની ચેતવણી આપતી ચાર એપ વિકસાવી છે. ભારતીય હવામાન વિભાગ ધ્વારા "MAUSAM APP", "DAMINI APP", "MEGHDOOT AGRO APP" અને "PUBLIC OBSERVATION APP" જેવી હવામાન ચેતવણી એપ્લિકેશનો વિકસાવવામાં આવી છે. આ એપના માધ્યમથી હવામાનને લગતી વિવિધ આગાહીઓ,ચેતવણી અંગેની જાણકારી નાગરિકોને મળી રહેશે વડોદરા જિલ્લામાં ગ્રામ્ય,તાલુકા અને જિલ્લા કક્ષા તેમજ સ્થાનિક કક્ષાએ તમામ નાગરિકોને હવામાન ચેતવણી આપતી આ એપ્લિકેશનનો મહત્તમ ઉપયોગ કરવા નિવાસી અધિક કલેકટર ડો.બી. એસ.પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

સચિન ઠક્કર હત્યા કેસના આરોપીના જામીન નામંજૂર

૨૫-જુલાઈ-2023 ના રોજ ખુલ્લા મેદાનમાં લાકડીના ફટકા મારીને કરી હતી

(પ્રતિનિધી) વડોદરા, તા.26

ભાજપ અગ્રણી સચિન ઠક્કર હત્યા કેસના આરોપી સાહિલ ઈકબાલ અજમેરીના જામીન હાઇકોર્ટમાં પણ નામંજૂર કરવામાં આવ્યા હતા. ભાજપ અગ્રણી સચિન ઠક્કર ની હત્યા ગત ૨૫ જુલાઈ 2023 ના રોજ રેસકોર્સ પાસે હરિભક્તિ કોલોનીના ખુલ્લા મેદાનમાં લાકડીના ફટકા મારીને કરવામાં આવી હતી. જેમાં મુખ્ય આરોપી એવા પાર્થ બાબુલ પરીખ, વાસીક ઉર્ફે સાહિલ ઈકબાલ અજમેરી અને વિકાસ ઉર્ફે વિકી પરષોત્તમ લુહાણા હત્યા કરીને મધ્યપ્રદેશ ભાગી ગયા હતા.

જો કે પોલીસે અથાગ પ્રયત્નો બાદ ત્રણેય આરોપીને ઝડપી પાડ્યા હતા. ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા બાદ રિમાન્ડ મેળવીને તમામને જેલ ભેગા કરવામાં આવ્યા હતા.

જે પૈકી મુખ્ય આરોપી એવા પાર્થ બાબુ ભાઈ પરીખ એ સૌ પ્રથમ જામીન અરજી કરી હતી જેને પણ હાઇકોર્ટે વગાવી દીધી હતી બાદમાં તે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા ત્યારબાદ ત્રણ પૈકી અન્ય એક આરોપી એવા વાસીક ઉર્ફે સાહિલ ઈકબાલ અજમેરી એ અગાઉ નીચલી કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી જે ના મંજૂર કરવામાં આવી હતી. બાદ હાઇકોર્ટમાં તેણે જામીન અરજી કરતા તે પણ નામંજૂર કરી હતી.

ફાજલપુર ગામે યુવક પર ચાકુથી હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ફાજલપુર ગામે રહેતા મનોજભાઇ વિક્કલભાઇ સોલંકી (ઉ.વ.40) તેમના ગામમાં રહેતા જયશ્રીબેન દિલીપભાઇના ઘેર રાતના કોઇ શખ્સ તેને મળવા માટે આવે છે તેવી વાત ગામમાં માણસો કરે છે તેવો જયશ્રીબેનના પરિવારના માણસો વ્હેમ રાખી છે. જેથી આ બાબતે વાતચીત કરવા માટે તા.24 એપ્રિલે રાતના સમયે તેમને શંકરભાઇએ જયશ્રીબેનના માતાના ઘરે બોલાવતા તેઓ પત્ની મંજુલાબેન સાથે ગયા હતા. દરમિયાન મહિલાનો ભાઇ પૃથ્વી ફોગટભાઇ ચાકુ લઇ આવ્યો હતો અને કહ્યું હતું કે તુ મારી બેનના ઘરે રાતના કોઇ શખ્સ તેને મળવા માટે આવે છે તેવી ખોટી વાતો ગામમાં કેમ ફેલાવે છે તેમ કહી ગાળો આપવા લાગ્યો હતો. જેથી મે તેને ગાળો બોલવાની ના પાડતા બે મહિલાએ આ બાબતે મારી સાથે બોલાચાલી કરી હતી. ત્યારબાદ બંને મહિલાએ તેમના હાથ પકડી રાખ્યા હતા અને પૃથ્વીએ ચાકુથી હુમલો કર્યો હતો.

મ.સ.યુનિ.ના પૂર્વ વાઇસ ચાન્સેલર ડો.અનિલ કાણેનું નિધન

વડોદરા. મ. સ. યુનિ.ના પૂર્વ વાઇસ ચાન્સેલર ડૉ અનિલ કાણેનું 82 વર્ષની જૈફ વયે નિધન થયું છે. તેઓએ

તા.26 એપ્રિલે અંતિમ શ્વાસ લીધો હતો. ડૉ.કાણે જાણીતા ટેક્નોક્રેટ, 'કલ્પસર' યોજનાના સ્વપ્નદ્રષ્ટા અને પ્રણેતા હતા. એ ઉપરાંત એ ઈન્ડિયન વિન્ડ એનર્જી એસોસિયેશનના સ્થાપક ચેરમેન હતા. વર્લ્ડ વિન્ડ ઍનર્જી એસોસિયેશનનું અધ્યક્ષપદ પણ એ શોભાવી ચુક્યા છે.

મકરપુરામાં રહેતા 17 વર્ષીય યુવકનું અપહરણ થયાની ફરિયાદ

વડોદરા.મકરપુરામાં રહેતા 17 વર્ષીય સગીર ભરૂચ કોલેજ જવા માટે નીકળ્યા બાદ સાંજે પરત નહી ફરતા પરિવારે તેના અપહરણની પોલીસ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં રહેતા 17 વર્ષીસ સગીર યુવક ભરૂચ ખાતેની કોલેજમાં એન્જિનિયરિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. રોજ સગીર કોલેજમાં જવા માટે અપડાઉન કરયો હોય સવારે આઠ વાગે ઘરેથી નીકળતો હતો અને કોલેજ પતી ગયા બાદ સાંજના સમયે ઘરે પરત આવી જતો હતો. પરંતુ 24 એપ્રિલના રોજ સગીર ઘરેથી ભરૂચ કોલેજમાં જવાનો નીકળ્યો હતો. પરંતુ સાંજના સમયે ઘરે પરત ફર્યો હતો. જેથી પરિવારના સભ્યોએ સગીરની વડોદરા તથા ભરૂચ ખાતે શોધખોળ કરવા છતાં તેનો કોઇ પતો લાગ્યો ન હતો. જેથી પરિવારના સભ્યો મકરપુરા પોલીસ સ્ટેશનમાં દીકરાનું અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોનઃ 91-44-45644000, ફેક્સઃ 91-44-45644022

IDFC FIRST Bank

એપેન્ડીક્સ-4 (નિયમ 8 (1))
કબજા નોટિસ (સ્થાવર મિલ્કત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી બેન્ક લિ.ના (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ)** અધિકૃત અધિકારી છે, સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 હેઠળ અને કલમ 13 (12)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા રોજ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી જેમાં ઋણ લેનાર, સહ-ઋણ લેનાર અને બાંયેધરી આપનારને નોટિસ મળ્યાના ૬૦ દિવસની અંદર તેના પરના વ્યાજ તથા અન્ય ચાર્જીસ સાથે ચુકવવા કહેવાયું હતું.
ઋણ લેનાર તે રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા હતાં આ કારણથી ઋણ લેનારાઓ અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને ઉપરોક્ત નિયમના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખીત મિલ્કતોનો ભૌતિક કબજો મેળવ્યો છે.

લોન એકાઉન્ડ નંબર	બોરોઅરર્સિ / કો-બોરોઅરર્સિ અને ગેરન્ટર્સના નામ	મોર્ગેજ મિલકતોનું વર્ણન	ડીમાન્ડ નોટીસ		કબજાની તારીખ અને પ્રકાર
			તારીખ	બાકી રકમ (રૂ.)	
12850811	1. નીલ ઠાકોરભાઈ પટેલ 2. જશોદાબેન નીલભાઈ પટેલ	'લક્ષ્ય એરા' તરીકે ઓળખાતી મિલકતના ત્રીજા માળે આવેલા ફ્લેટ નં. 310ના તમામ ભાગ અને હિસ્સાઓ જેનું માપ 379 ચો.ફીટ એટલે 35.20 ચો.મીટર છે. જે મોજ તરસાલી, વડોદરાની બિનખેતીની જમીનના પ્લોટ પર બંધાયેલા છે. જેનો રેવન્યુ સર્વે નં. 863/1 પૈકી 1, જેનું માપ 19,999 ચો.મીટર છે જે તરસાલી ચોકડી, તરસાલી ઓવરબ્રીજની બાજુમાં આવેલા છે, જેનો નાંદણી જિલ્લો અને પેટા જિલ્લો વડોદરા ગુજરાત-390009 છે. જેની હદો આ મુજબ છેઃ **પૂર્વમાંઃ ફ્લેટ નં. 205, પશ્ચિમેઃ રોડ, ઉત્તરેઃ ફ્લોટ નં. 311, દક્ષિણેઃ ફ્લેટ નં. 309**	30-09-2023	(રૂ.) 9,58,164.14/-	23-04-2024 પ્રતિકાત્મક કબજો
39516998	1. અરવિંદભાઈ પરમાર 2. જ્યોત્સનાબેન પરમાર	'કોસમોસ સંસ્કૃતિ' તરીકે ઓળખાતી રેસીડેન્શયલ સ્કીમમાં આવેલ ખુલ્લા પ્લોટ નં. Cs291ના તમામ ભાગ અને હિસ્સાઓ જેનું માપ અંદાજે 72.58 ચો.મીટર અથવા 781.25 ચો.ફુટ (કાર્પેટ એરિયા) છે જે બ્લોક નં. 54, 55 અને 57 મોજે ગામ જૂની જીથરડી, તા. કરજણ, જિ. વડોદરા, ગુજરાત-391220માં આવેલ છે. અને તેની હદો આ મુજબ છે.: **પૂર્વમાંઃ 07.50 મીટર પહોળો રોડ વિસ્તાર, પશ્ચિમેઃ CS284, ઉત્તરેઃ CS292, દક્ષિણેઃ CS292.**	25-11-2023	(રૂ.) 17,54,169.62/-	23-04-2024 પ્રતિકાત્મક કબજો

ઋણ લેનારાને ખાસ અને જાહેર જનતાને સામાન્યપણે અહીં ચેતવણી આપવામાં છે કે આ મિલ્કત અંગે કોઈ સોદો ન કરે અને આ મિલ્કત અંગે કોઈ પણ સોદો ડીમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ડીમાન્ડ નોટિસની તારીખથી લઇને ચુકવણી/ રિઅલાઇઝેશન સુધીના તેના પર વ્યાજ સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થયેલ)ને ચુકવવા પાત્ર રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થયેલ)

તારીખઃ ૨૩-૪-૨૦૨૪
સ્થળઃ વડોદરા

ડિમાન્ડ નોટિસ
એડલવેસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ
સીઆઈએનઃ U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવેસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કાલિના, મુંબઈ-400098

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની (ઉપરોક્ત કાયદો) કલમ 13 (2)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 (1) સાથે વાંચતા.

મૂળ ધીરાણકર્તાએ નીચે ઉલ્લેખીત નાણાકીય મિલ્કત એડલવેસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપી છે જેણે નીચે ઉલ્લેખીત વિવિધ ટ્રસ્ટીસ (ઈએઆરસી) તરીકે પોતાની ક્ષમતાનો ઉપયોગ કર્યો છે. અસાઇનમેન્ટ એગ્રીમેન્ટ અનુસાર, SARFAESI એક્ટ, 2002ની કલમ 5 હેઠળ, ઈએઆરસી એ અસાઇનર તરીકે પ્રવેશ કર્યો છે અને ઉધાર લેનારાઓ દ્વારા મેળવવામાં આવતી નાણાકીય સહાયના સંદર્ભમાં અસાઇનરના તમામ અધિકારો, શીર્ષક અને હિત અને EARC સુરક્ષિત લેણદાર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે.
નીચે સહી કરનાર એડલવેસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડના (ઈએઆરસી) અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (12) હેઠળ અને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી ઉપરોક્ત કાયદાની કલમ 13 (2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં ઋણ લેનારાઓને નોટિસમાં ઉલ્લેખીત રકમ ચુકવી દેવા કહેવાયું હતું
ઉપરોક્ત નોટિસના સંબંધમાં ઋણ લેનારાઓને ઈએઆરસીને નીતે ઉલ્લેખીત રકમ જેમ કે ડિમાન્ડ નોટિસમાં વિગત આપવામાં આવી છે તેમ લોન એગ્રીમેન્ટની સાથે અન્ય દસ્તાવેજો-લખાણ જો કોઈ હોય તો તેની સાથે વાંચતા નીચે ઉલ્લેખીત તારીખથી જે દિવસે ચુકવણી કરાય અથવા છોડાવવામાં આવે ત્યાં સુધી આગળવા વ્યાજ સાથે ચુકવવા અહીં ફરીથી નોટિસ આપવામાં આવે છે, આ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસમાં તે રકમ ચુકવી દેવાની છે.